Secret, a. (સીક્રિટ) છુપી, ગુપ્ત. Hidden. L. se and cerno, I distinguish.

Gleams, v. (ગ્લીમ્સ) ચળકવું, પ્રકાશવું, ઝગમગવું. Shoots forth rays of light.

Coral strand, (કૉરલ સ્ટ્રૅન્ડ) પરવાળા વાળો કિનારો. Shore or beach formed of coral covered with earth as the South—Sea Islonds are.
Dreams, n. (ડ્રીમ્સ) સ્વપના. Visions.
Picture, v. (પિક્ચર) ચિત્ર કાઢવું. Paint in fancy. L. pingo, I paint.
Fadeless, a. (ફેડલેસ) કરમાઇ ન જાય તેવું. Never dying.
Bloom, n. (બ્લુમ) ભર જુવાનીમાં, તરુણાવસ્થા, બાહાર. Prime of life.

—:o:—

PROVERBS—(ELLIPTICAL.)

Better, a. (બૅટર) વધારે સારું. Comparative of good.
Too late, (ટૂલેટ) ઘણું મોડું.
Idle, a. (આઇડલ) આળસુ, સુસ્ત. Lazy.
Labour, n. (લેબર) મેહેનત. Work.

—:o:—

THE ENGLISH GIRL AND HER AYAH

Jungle, n. (જંગલ) વેરાણ, રાન. Waste land overgrown with tall grass and brushwood.
Attention, n. (અટેન્શન) ધ્યાન. Heed. L. ad and tendo, I stretch.
Was attracted, v. (વૉઝ ઍટ્રેક્ટેડ) ખેંચાયું, લાગ્યું હતું. Was taken, was held, was engaged.

Fawn, n. (ફૉન) હરણનું બચ્ચું. A young deer.
Timidly, ad. (ટિમિડલી) બીહીકણપણે. Timorously.
Started back, પાછળ હટયું. Stepped backwards.
Frightened, a. (ફ્રાઇટન્ડ) બીધેલું. Terrified.
Gave chase, પાછળ લાગી. Pursued.
Reeds, n. (રીડઝ) બરૂના રોપાઓ. Rushes.
Ayah, n. આયા. Native Indian nurse.
Charge, n. (ચાર્જ) હવાલામાં સોંપેલી ચીજ. Something entrusted to one's care.
Overtook, v. (ઓવરટુક) પકડી પાડી. Caught after running or passing over a certain distance in pursuit.
Air, n. (ઍર) દેખાવ, ચેહેરો. Look.
Lonely, a. (લોનલી) એકાંત. Solitary.
Paused, v. (પૉઝડ) અટકી. stopped.
In alarm, બીહીકમાં, ધાસ્તીમાં. In fear.
Startled, v. (સ્ટાર્ટલ્ડ) ચોંકાવી. Frightened.
To sink, pr. infi. (ટુ સીંક) ફસી જવું. To fall gradually.
Clasping, pr. p. (ક્લાસ્પિંગ) કોટી કરીને, છાતીમાં દાબીને, Embracing.
Direction, n. (ડાઇરેક્શન) જગ્યા, ઠેકાણું. Place. L. dirego, I direct.
Horror, n. (હૉરર) ધાસ્તી. Terror. L. horreo, I shudder.
Stripped, a. (સ્ટ્રાઇપ્ડ) ચટાપટાવાલું. Having stripes of different colours.

Waving, a. (વેવિંગ) હાલતું. Moving.
Uttered a terrified scream, બીકીઆમણી ચીચીઆરી પાડી. Shrieked.
Instant, a. (ઇન્સટંટ) તાકીદનો. Immediate. L. in and sto I stand.
Sharp report, જબર આવાજ. Sharp noise as of a gun. L. re, and porto, I carry.
Rifle, n. (રાઈફલ) પેચની બંદુક. A gun.
Rang, v. (રેંગ) ગાજી રહયો હતો. Resounded.
Mortally, ad. (મૉરટલી) મરણતોલ. In a manner that must cause death. L. mors, death.
Wounded, v. (વુંડેડ) ઘાયલ થયેલો. Injured or hurt by violence.
Rolling and struggling, ગોળાટીઆ ખાતો અને તરફડીઆ મારતો.
Senseless, a. (સેન્સલેસ) બેશુધ્ધ. Unconscious. L. sentio, I feel.
Providence, n. (પ્રૉવિડન્સ) ઇશ્વર, પરવરદેગાર. God. L. pro video, I see.
Rescue, n. (રેસ્કયુ) બચાવ, રક્ષણ. Release, liberation. L. re, ex and quatio I shake.
Bore back, પાછો લઈ ગયો. Carried back.
Who had followed in his steps, જેઓ તેની પાછળ આવ્યા હતા.

——:o:——

PROVERBS—(ELLIPTICAL).

Leap, v. (લીપ) કુદવું. To jump, to spring.
Lost time, ખોયેલો વખત. Wasted time.
Is never found, કદી મળતો નથી. Is never got.
Again, ad. (અગેન) ફરીથી. Once more.
Promise, v. (પ્રૉમિસ) વચન આપવું. To make a declaration to do some act.
Reap, v. (રીપ) ભોગવો, કાપણી કરવી, પાક ઉતારવો. To obtain, to enjoy, to cut with a sickle.
Debt, n. (ડેટ) કરજ. That which is due from one person to another. L. de and habeo, to have or hold.
Look before you leap, જે કામ કરો તેની અગાઉ વીચાર કરો.
Lost time is never found again, ગઇ તથી પાછી આવતી નથી.
Little wealth little care, થોડું રળવું ને થોડું ખાવું.
Sow well reap well, કરો તેવું પામો, સારું વાવો સારું ખાવો.
Out of debt out of danger, કરજથી મોકળો, ધાસ્તીથી મોકળો.

—o—

STORIES OF TIGERS—PART II.

Taken, pt. p. (ટેકન) પકડાયલો. Captured, caught.
Can be tamed. પાળી શકાય. Can be subdued.
Fakirs, n. (ફકીર્સ) સાધુઓ, ફકીરો. Begging monks.

Who are in the habit, જેઓને ટેવ પડી હોયછે.

Leopards, n. (લેપર્ડ્સ) ચિત્તા વાઘ. The lion panther. L. leo, the lion and pardus, a panther.

Dangerous, a. (ડેન્જરસ) ભયંકર. Perilous.

Pets, n. (પ્રેટ્સ) પાળેલાં પ્રાણી. Little animals fondled and indulged.

Reared, v. (રીઅર્ડ) પાળ્યા હતા. Brought up.

Couched, a. (કાઉચ્ડ) માથું ઊંચુ રાખી પડેલા. Lying with the head raised.

To lick, pr. infi. (ટુલીક) ચાટવું. To touch with the tongue.

Nature, n. (નેચર) સ્વભાવ. Disposition. L. natus born.

Had awakened, v. (હૅડ અવેકન્ડ) ઉશ્કેરાયો હતો. Had been excited.

Withdrew, v. (ઉવિથડ્રીઉ) ખેંચી લીધા. Drew back or away.

To fetch, pr. infi. (ટુ ફેચ) જઈને લાવવું. To go and bring.

Loaded, a. (લોડેડ) ભરેલી. Charged, filled.

Shoot, pr. infi. (શૂટ) ગોળીથી મારી નાંખવું. To kill with a bullet.

At his pleasure, તેની ખુશીમાં આવે તેમ. Just as he liked.

Speedily, ad. (સ્પિડિલી) ઝડપથી. Quietly.

Quietly, ad. (ક્વાએટલી) ચુપ ચુપ. Without making any noise. L. quies, rest.

To disturb, pr. infi. (ટુ ડીસ્ટર્બ) હરકત કરવી. To trouble. L. dis, and turba a crowd.
Took a steady aim, આબાદ નેમ તાકવી.
Steady, a. (સ્ટેડી) આબાદ. Fixed.
General, a. (જનરલ) સાધારણ. Ordinary. L. genus, race.
To face, pr. infi. (ટુ ફેસ) સામે થવું. To oppose.
Seldom, ad. (સેલ્ડમ) કદાચજ. Rarely.
Steadily, ad. (સ્ટેડિલી) મજબુત રીતે. Firmly.
To prowl, pr. infi. (ટુ પ્રાઉલ) શીકારની શોધમાં ભટકવું. Move about in search of prey.
Europeans, n. (યુરોપીઆન્સ) યુરોપખંડના સ્વદેશીઓ. Natives of Europe.
Strive, v. (સ્ટ્રાઇવ) યત્ન કરેછે. Try, attempt.
To rid, pr. infi. (ટુ રીડ) છુટકારો કરવો. To free.
Fastens, v. (ફાસ્નસ) ભોંકીદેછે. Thrusts.
To kneel, pr. infi. (ટુ નીલ) ગુંઠણ મરડી બેસવું. To rest on the knees.
Enemy, n. (ઍનિમી) દુશ્મન. Foe.
To crush, pr. infi. (ટુ ક્રશ) કચડી નાંખવું. To squeeze.
Struggle, n. (સ્ટ્રગલ) લડાલડી, બાઝાબાઝી. Vehement effort.
Follows, v. (ફૉલોઝ) થાયછે. Ensues.
Ending, pr. p. (એન્ડિંગ) પુરૂ થતાં. Terminating.
Bullet, n. (બુલેટ) ગોળી. A ball.
Hunter, n. (હન્ટર) શીકારી. One who hunts.

HOUSES MADE OF SNOW.

Esquimaux, n. (એસ્કીમો) શીતકટિબંધના ઉત્તર અમેરિકાના રેહેવાશી. North American Indians of the Frozen Zone.

Huts, n. (હટસ) ઝુંપડા. Small cottages.

But they soon turn dirty, પણ તેઓ જલદીથી ગંદા થઈ જાયછે. But they soon become foul.

To melt, pr. infi. (ટુ મેલ્ટ) પીગળી જવું. To become liquid.

Logs, n. (લૉગ્ઝ) લાકડાના કકડા. Bulkly pieces of wood unhewed.

Drifted, v. (ડ્રીફ્ટેડ) ધસડાઈ આવેલું. Driven along.

Gather, v. (ગૅધર) એકઠા કરેછે. Collect.

Frozen, pt. p. (ફ્રોઝન) બંધાઈ ગયેલું. Congealed by cold.

To drip, pr. infi. (ટુ ડ્રીપ) પીગળી જવું. To melt, to fall in drops.

Mends, v. (મેન્ડસ) મરામત કરેછે. Repairs.

Saucer, n. (સૉસર) રકાબી. A small plate.

Wicks, n. (વિક્સ) દીવેટ, કાકડા. A number of threads of cotton loosely twisted into strings

Float, v. (ફ્લોટ) તરેછે. Move.

Raw, a. (રૉ) કાચુ. Not cooked.

Raised, a. (રેઝડ) ઉંચી કરેલી. Elevated.

Ledge, n, (લેડજ) કોર, પાળ. A ridge, a layer.

Get away from the snow hut, બરફની ઝુંપડીમાંથી દૂર થવાને.

Catches cold, શરદી થાયછે. Suffers from a disease occasioned by cold.

To escape, pr. infi. (ટુ એસ્કેપ) જતું રેહેવું. To get away.

Residence, n. (રેસિડન્સ) રેહેઠાણ. Dwelling place.

——o:0:o——

THE CHILD'S FIRST GRIEF.

The summer comes with flower and bee, ઉનાળો ફુલો અને મધમાખોથી ભરપુર બેસેછે.

Comes, બેસેછે. Sets in.

The flowers run wild, ફુલો ઘણા ઉગેછે. The flowers grow plentifully.

Wine, n. (વાઇન) દ્રાક્ષનો વેલો. The grape-tree.

Is drooping, v. (ઇઝ ડ્રુપિંગ) ઝુલાઇ જાયછે. Is hanging downward.

Load, n. (લોડ) બોજો. Burden.

Voice, n. (વૉઇસ) અવાજ, સાદ. Cry. L. voco, I call.

Fair, a. (ફેર) ખુબસુરત. Beautiful.

The face that once like summer smiled on Earth no more thou'lt see, જે ચેહેરો એક વખત ઉનાળાની માફક પ્રકાશતો હતો તેને તું હવે ફરીથી જોઇશ નહી.

In vain, ફોગટ, To no purpose, without success. L. vanus, empty.

Glade, n. (ગ્લેડ) જંગલના ઝાડોની વચ્ચેનો રસ્તો. An open space in a wood.

Wanderings, n.(વૉન્ડરિંગ્ઝ) રખડ. Walks, rambles

Would I had loved him more, હું તેને વધારે ચાહાતે તો સારૂં થતે. I wish I would have loved him more.

—:o:—

THE FOX AND THE STORK.

Fox, n. (ફૉક્સ) કોહોલું, શિયાળ. A well-known animal remarkable for rapacity and cunning. Its feminine is vixen.

Stork, n. (સ્ટૉર્ક) બગલું. A bird of passage.

Naughty, a. (નૉટી) બુરૂં, દુષ્ટ. Wicked.

Purpose, n. (પરપઝ) કારણ, સબબ, મતલબ. L. pro, and pono. I put.

Playing a trick on his guest, પોતાના પરોણાની મશ્કરી કરીને Making a fool of him.

Fixed, a. (ફીક્સ્ડ) મુકરર કરેલો. Appointed.

Appetite, n. (ઍપીટાઇટ) ભુખ. Wish for food.

Consisted of, બાંધેલું હતું. Was made up. L. con and sisto, I stand.

Mince, n. (મીન્સ) માસના ઝીણા કકડા. Meat chopped very small.

Served up, પીરસેલું. Treated.

Shallow, a. (શૅલો) છાલછી. Not deep.

Slender, a. (સ્લેન્ડર) પાતળી. Thin.
Bill, n. (બિલ) ચાંચ. Beak.
To satisfy, pr. infi. (ટુ સૅટીસ્ફાઇ) ખુબ મઝાડવી. To gratify. L. satis enough and facio, I do.
Lapped, v. (લૅપ્ડ) ચપક ચપક ચાટયું. Took up food with the tongue.
Madam, n. (મૅડમ) બાઇ સાહેબ. A complimentary title given to married and elderly ladies.
First rate, (ફર્સ્ટરેટ) ઘણુંજ ઉમદા. Of the highest excellence.
Retired, v. (રીટાયર્ડ) જતી રહી. Went off. L. re, and traho I draw.
Displeased, a. (ડીસ્પ્લીઝડ) નાસીપાસ થઇને. Disappointed.
Untasted, a. (અનટેસ્ટેડ) ચાખ્યા વગરનું. Not tasted.
Compliment, n. (કૉમપ્લિમેન્ટ) આદર વચન. Act of respect. L. con, and pleo, I fill,
Reynard, n. (રેનર્ડ) શીઆળ. A name given to the fox.
Hastened, v. (હેસન્ડ) ઝડપથી ગયો. Went quickly.
Disgust, n. (ડિસગસ્ટ) કંટાળો, ધિક્કાર. Aversion, loathing.
Long-necked, a. (લૅાંગ નેકડ) લાંબા મોહવાલી. Having a long neck.
Jar, n. (જાર) શિશોઇ, બરણી. An earthen vessel.
Thrust, v. (થ્રસ્ટ) ઘાલવું. To push with force.
Pointed, a. (પૅાઇન્ટેડ) અણીદાર. Sharp.

Generous, a (જનરસ) ઉદાર. Noble, liberal. L. genus, race.
To return good for evil, ભુંડાઇને બદલે ભલાઇ કરવી.
Lesson, n. (લેસન) પાઠ, શિખામણ. Instruction.
She added, તેણીએ કહ્યું. She said.
Those who cannot take a joke in good part should never make one, જેઓ મશ્કરી ખમી શકતા નથી તેઓએ કદાપી બીજાની મશ્કરી કરવી નહી.

——:o:——

THE OSTRICH.

Ostrich, n. (ઑસ્ટ્રિચ) શહામૃગ. A very large African fowl.
Height, n. (હાઇટ) ઉંચાઇ. Elevation.
Crown, n. (ક્રાઉન) મથાળું, ટાળકું. The top. L. corona, a crown.
Sandy, a. (સૅન્ડી) રેતાળ. Abounding with sand.
Deserts, a. (ડેઝર્ટ્સ) રણ. Vast sandy plains.
Form, a. (ફૉર્મ) આકાર. Shape. L. forma, shape.
Dwells, v. (ડ્વેલ્સ) રહેછે. Lives.
Paddles. n. (પૅડલ્સ) હલેસાં. Broad short oars used in pushing boats forward.
Flapping, pr. p. (ફ્લૅપિંગ) ફફડાવીને. Striking.
Speed, n. (સ્પીડ) ઝડપ Velocity.
Cannot keep up with it. તેની બરાબર ચાલી શકાતું નથી.
Scorneth, v. (સ્કૉર્નેથ) ધિક્કારેછે. Thinks little of, despises.

Simply, ad. (સિંપ્લી) માત્ર. Merely, only.
Closely, ad. (ક્લોઝલી) સાવચેતીથી. Cautiously. L. claudo, I shut.
Some people are very fond of them, કેટલાએક લોકો તેના ઘણા શોખીલા હોયછે. Some people like them very much.
Ornaments, n. (ઑર્નમેન્ટસ) ઘરેણાં. Decorations. L. orno, I deck.
Is hunted, શીકાર કરવામાં આવેછે. Is chased.
Rapid, a. (રેપિડ) ઉતાવળી. Swift. L. rapio, I snatch.
Would succeed, ફતેહ પામે. would become successful. L. sub and cedo, I go.
Even course, સીધો રસ્તો. Straight direction. L. curro, I run.
Zig-zag, ad. (ઝિગ ઝૅગ) આડું અવળું. With short turns, from side to side.
Furiously, a (ફ્યુરિઅસલી) ઝનુનથી. With great anger
Method, n. (મેથડ) રીત. Way, manner.
Disguised, pt. p. (ડિસ્ગાઇસડ) બીજાનો વેશ ધારણ કીધેલો. Hidden by a false dress, concealed.
Mimics, v. (મિમિક્સ) નકલ કરેછે. Imitates.
Pecking, pr. p. (પેકિંગ) ચાંચ મારતાં. Picking up, as food with the beak.
Trots, v. (ટ્રૉટસ) તુરકી ચાલે ચાલવું. Moves fast.
Bow-shot, જે જગ્યાએથી તીર લાગી શકે તે જગ્યા.
Shoots, v. (શૂટસ) તાકેછે. Aims.

Poisoned, a. (પૉઇઝન્ડ) ઝેરી. Destructive.

Prey, n. (પ્રે) શિકાર. What is hunted. L. preda, booty,

Relates, v. (રિલેટ્સ) વર્ણન કરેછે. Tells as a story. L. re and latus, carried.

Factory, n. (ફૅક્ટરી) કોઠી, કારખાનું. A place where factors transact business for their employers.

Niger, n. (નાઇજર) આફ્રીકામાં એક નદીછે. A river in Africa.

Fleetness, n. (ફ્લીટનેસ) ઝડપ. Quickness, speed.

Is valued, v. (ઇઝવૅલ્યુડ) કીમતી ગણાએછે. Is precious.


Crest, n. (ક્રેસ્ટ) કલગી. The ornament for the top of a helmet.

Motto, n. (મૉટો) લેખ. The sentence added to a device.

Origin, n. (ઑરિજીન) મૂળ, મુખ્ય કારણ. Cause.

Assumed, v. (ઍસ્યુમડ) ધારણ કીધાં. Taken to himself.

Heir, n. (એર) વારસ. Successor. L. hœres, an heir



A SHARP QUESTION-(ELLIPTICAL).

Notorious, a. (નોટોરિઅસ) પ્રખ્યાત, પ્રસિદ્ધ. Publicly known.

Judge, n. (જડજ) ન્યાયાધિશ. A Justice. L. judico
I judge.
Pointed, v. (પૉઇન્ટેડ) આંગળી કરી દેખાડયો. Directed
towards the object. L. punctum, a point.
Rogue, n. (રોગ) લુચ્ચો. Knave.
Inquired, v. (ઇનક્વાયર્ડ) પુછયું. Asked.

——oo——

DON'T BE TOO SURE.

Station, n. (સ્ટેશન) હાલત. Condition, position.
L. sto, I stand.
And not to set your heart on any mere earthly
success, અને માત્ર દુનીઆની ફતેહ ઉપર તારૂં મન
લગાડવું નહી.
Folk, n. (ફોક) લોકો, માણસો. People.
Saying, n. (સેઇંગ) કેહેવત. Proverb, maxim.
Counting their chickens before they are hatched,
આગાઉથી ભવિષ્યનો વિચાર કરવો, ભેંસ આવે તેની
અગાઉ ખુંટો દાટવો. મુવા પેહેલા ઘોર ખોદવી.
It brings into mind, મને યાદછે. I remember.
Famous, a. (ફેમસ) વખણાયલો. Noted. L. fama, fame
Life, n. (લાઇફ) જન્મ ચરિત્ર, હેવાલ. Biography.
Fixed on, v. (ફિક્સ્ડ ઑાન) ઠેરવ્યો. Appointed.
Channel, n. (ચૅનલ) ખાડી. The narrow sea
between France and England.
Will land, v. (ઉવિલ લૅન્ડ) પડાવ નાંખશે, ઉતારો કરશે.
Will disembark.

Medal, n. (મેડલ) શીક્કો, ચાંદ. A piece stamped in honour of some victory.
To celebrate, pr. infi. (ટુ સેલીબ્રેટ) યાદ રાખવાને, To make famous, to keep in mind.
Invasion, n. (ઇનવેઝન) હુમલો. Marching into another country as an enemy. L. in and vado, I go.
Interrupted, v. (ઇનટરપટેડ) વચમાં બોલ્યો. Broke in. L. inter, between and rumpo, I break.
Was stamped, v. (ઉવૉઝ સ્ટૅમ્પડ) છાપ મારી હતી. Was imprinted.
Continued, v. (કન્ટીન્યુડ) આગળ બોલ્યો. Went on. L. con and teneo, I hold.
Struck, pt. p. (સ્ટ્રક) પાડેલો. Coined.
Exclaimed, v. (એક્સક્લેમ્ડ) બોલી ઉઠયો. Called out
Before hand, આગળથી. Previously.
Wisdom, n. (ઉવીઝડમ) ડહાપણ. Prudence.
General, n. (જનરલ) સરદાર. Commander.
Were driven out, હાંકી કાઢયા. Were expelled.
Portuguese, ફિરંગીઓ. The people of Portugal.
Print, n. (પ્રિન્ટ) છબી. Picture.
Invincible, a. (ઇન્વિન્સિબલ) અજીત. Unconquerable. L. in, not and vinco, I conquer.
Grateful, a. (ગ્રેટફુલ) આભારી, ઉપકારી, Full of thanks. L. gratus, thankful.
Boastful, a. (બોસ્ટફુલ) મગરૂબ, ગર્વિષ્ટ. Fond of self-praise.

Likeness, n. (લાઈકનેસ) ચિત્ર. Picture.
Scored out. (સ્કોર્ડઆઉટ) લીટી દોરી. Marked by a line.
Dash, n. (ડૅશ) કાપો. A stroke.
Underneath, (અન્ડરનીથ) નીચે. Below.
Halloo, v. (હૅલુ) પોકાર મારવો. To shout.
Burst out laughing, ખડખડ હસ્યો.
Spirit, n. (સ્પિરિટ) પકૃતી, સ્વભાવ. Nature.
Tempted, v. (ટેમ્પ્ટેડ) લલચાયા. Led, inclined. L. tento, I try.



ELLIPTICAL EXERCISES.

Feat, n. (ફીટ) પરાક્રમ, હાથ ચાલાકી. A deed.
Groan, v. (ગ્રોન) હાય હાય કરી પોક મુકી રડવું. To lament.
Stout, a. (સ્ટાઉટ) જોરાવર, મજબુત. Strong.
Hymn, n. (હિમ) પવીત્ર ગાયન. A sacred song. L. hymnus, a song of praise.
Hare, n. (હૅર) સસલું. A well known animal.
Net, n. (નેટ) જાળ. A texture of meshes.



BUDS.

Buds, n. (બડઝ) ફુલની કળીઓ. Germs.
Swells, v. (સ્વેલ્સ) ખીલેછે. Blooms.
Push out, v. (પુશ આઉટ) બાહાર નીકળેછે. Come out.

Scales, n. (સ્કેલ્સ) પોપડા, છોતરા. Thin layers.
Shelter, v. (શેલ્ટર) રક્ષણ કરેછે. Protect.
Tightly, ad. (ટાઇટલી) મજબુત રીતે. Strongly.
Case, n. (કેસ) ઘર, દાબડી. Covering.
To protect, pr. infi. (ટુ પ્રોટેક્ટ) રક્ષણ કરવું. To shelter, to guard.

Preceding, a. (પ્રીસીડિંગ) આગલા, Going before. L. pre and cedo, I go.

Loosen, v. (લૂઝન) ઢીલાં કરવાં. Relax.
Are locked up. બંધ થયેલાં હોયછે. Are shut up.
Precious, a. (પ્રેશીઅસ) કીમતી. Very valuable. L. pretium price.
Treasures, n. (ટ્રેઝર્સ) ખજાનો. Riches, gathered wealth.

Coverings, n. (કવરિંગ્ઝ) ઢાંકણ. Envelopes, cases.
To guard, pr. infi. (ટુ ગાર્ડ) બચાવ કરવો. To screen, to protect.
Rock to and fro, આમ તેમ હીંચકા ખાયછે. Move backwards and forwards.
Is lined, v. (ઇઝલાઇન્ડ) અસ્તર કરેલું હોયછે. Is covered.
Down, n. (ડાઉન) રૂવાં. The soft hair under the feathers of birds.
Blanket, n. (બ્લેંકેટ) કામળી, ધાબળી. A white woollen covering for a bed.
Lemon-tree, લીંબુનું ઝાડ.

—:o:—

TRUTH AND FICTION. (ELLIPTICAL

Fiction, n. (ફિક્શન) દંતકથા, વાર્તા. A story invented. L. fingo, I form.

Adventures, n. (ઍડવેંચર્સ) સાહસ કામો. Enterprises. L. ad and venio, I come.

Stared in surprise, ગભરાટમાં આંખ ફાડીને જોયું.

Wonderful, a. (ઉવન્ડરફુલ) અાનન્દ્મય જેવું, આશ્ચર્ય. Surprising.

—0:0—

USEFUL KNOWLEDGE.

THE BREAKFAST-TABLE.

THE TABLE.

Canada, n. (કૅનેડા) A country in North America.

Chiefly, ad. (ચીફ્લી) મુખ્ય કરીને. Principally. L. caput the head.

Gulf, n. (ગલ્ફ) અાખાત. A large bay.

THE TABLE-CLOTH.

Linen, n. (લિનન) શણનું કપડું. Cloth made of hemp or flax.

THE CUPS AND SAUCERS.

Earth, n. (અર્થ) માટી, ગોરાડી, A kind of clay.

Powdered, a. (પાઉડર્ડ) ભુકો કીધેલો. Reduced to powder.

Flint, n. (ફ્લિન્ટ) ચકમક. A hard kind of pebble.
Earthen-ware, n. (અર્થન-ઉવૅર) માટીના વાસણ. Vessels of clay.
Potter, n. (પૉટર) કુંભાર. A maker of earthen vessels.
Saucer, n. (સૅાસર) રકાબી. A large plate.
Oven, n. (ઓવન) ભઠ્ઠી. An arched place for baking
Glazed, n. (ગ્લેઝડ) ઘુટેલું, સુંવાળું કીધેલું. Smoothly polished.
District, n. (ડિસટ્રિક્ટ) પરગણું. A province. L. dis and stringo, I draw tight.

THE SPOONS.

Spoons, n. (સ્પૂન્સ) ચમચા. A small domestic utensils with a bowl or concave part and a handle used for taking up lipuids.
Forks, n. (ફૉર્કસ) કાંટા. Instruments with prongs.
Steel, n. (સ્ટીલ) ખરૂં લોઢું. Iron refined by fire.

THE HANDLES.

Handles, n. (હૅન્ડલ્સ) હાથા. Those parts of instruments which are held in the hands when used.
Ivory, n. (આઇવરી) હાથીદાંત. The tooth of the elephant.
Stag, n. (સ્ટૅગ) સાબર. The masculine of hind.
Tusk, n. (ટસ્ક) મોહોટોદાંત, સૂળદંત. Very large tooth.
Walrus, n. (ઉવૅાલરસ) દરીઆઈ પ્રાણી, The whale-horse, the sea-horse.

Remarkable, a. (રિમારકેબલ) પ્રખ્યાત, વખાણાવવું. noted.
Solid, a, (સૉલિડ) નક્કર, સંધીન. Strong, robust.
Polish, n. (પૉલિશ) સફાઈ, ઓપ. Artificial glass.
Lathe, n. (લેથ) સરાણ. A turner's tool.

BREAD.

Rolls, n. (રોલ્સ) એકજાતના પાંઉ. Cakes of bread.
Yeast, n. (યસ્ટ) મીઠો નીરો, ખમીર. The froth of beer in fermentation.
Dough, n. (ડો) ગુંદેલો આટો. A mass composed of flour moistened and kneaded.
Directions, n. (ડિરેકશન્સ) બાજુઓ. Sides. L. di- and rectus, straight.
Are imported, v. (આરઇમ્પૉર્ટેડ) બાહાર દેશથી આવેછે. Are brought from other countries.
Porridge, n. (પૉરિજ) ખીર. A kind of food ma de by boiling meat or meal in water.
Usual, a. (યુઝવલ) હમેશનો, ચાલુ. Common, ordinary.

TEA.

Ever green, a. (એવરગ્રીન) હમેશાં લીલા રહેતા. Always green.
Consumed, pt. p. (કનશુમ્ડ) ખપી ગયેલું. Used up. L. con, and sumo, I take.

COFFEE.

Berries, n. (બેરિઝ) એક જાતનું ફળ, A kind of fruit.

Kernels, n. (કર્નલ્સ) ગર. The substance within a shell.
Ground, v. (ગ્રાઉન્ડ) દળ્યું. Reduced to powder.

COCOA.

Cocoa, n. (કોકો) નારીએળનું ઝાડ. The species of palm-tree and its large shelly nut, grows most luxuriantly on the sea shore.

SUGAR.

Whence, ad. (વ્હેન્સ) ક્યાંથી. From what place.
Are crushed, v. (આર્ક્રશ્ડ) કચર્યામાં આવેછે. Are bruised.
Crystals, n. (ક્રીસ્ટલ્સ) પાસાદાર કકડા. Transparent pieces.
Strained, pt. p. (સ્ટ્રેન્ડ) ગાળેલું. Filtered.
Molasses, n. (મૉલેસીસ) ગોળ. The syrup which drains from sugar when cooling.
Treacle, n. (ટ્રીકલ) ગોળ. Same as molasses.

MILK AND BUTTER.

Dairy, n. (ડેરી) દહી વલોવવાની જગ્યા. A place where milk is kept after it comes from the cow.
Cream, n. (ક્રીમ) મલાઇ. The oily best part of milk.
Butter, n. (બટર) માખણ. An oily substance obtained from cream or milk by churning.

Churn, n. (ચર્ન) દહીં વલોવવાનું વાસણ. A vessel in which cream is turned or agitated in order to produce butter.

Cheese, n. (ચીઝ) પનીર. The curd of milk, salted, pressed and dried.

Curd, n. (કર્ડ) દહીં. The coagulation of milk.

Rennet, n. (રેનેટ) ખાટો પ્રવાહી પદાર્થ. A liquid which makes the milk turn sour.

Sour, a. (સાવર) ખાટી. Sharp to the taste.

Whey, n. (હ્વે) છાસ. The serous part of milk.

Reindeer, n. (રૈનડીઅર) એક જાતનું હરણ. A kind of deer.

Invalids, n. (ઇનવૅલિડસ) રોગી, દરદી. Persons who are sick.

SALT.

Unhealthy, a. (અનહેલ્થી) રોગીષ્ટ. Sickly.

Seasoning, (સીઝનીંગ) મીઠું દેતાં, મસાલો દેતાં. Rendering palatable.

Preserving, (પ્રીઝરવિંગ) સંભાળતાં. Keeping from decay.


THE DUKE AND THE COW-BOY.

Nobleman, n. (નોબલમૅન) અમીર. A noble. L. nobilis, noble.

Farming, (ફારમિંગ) ખેડવાના કામમાં, ખેતી કરવામાં. Agriculture.

Unruly, a. (અનરૂલી) હરામી. Wild, not easily led.
Manage, v. (મૅનેજ) ચલાવવું. Keep in order. L. manus, the hand.
Duke, n. (ડયુક) પેહેલી પદવીનો અમીર. The masculine of Duchess. L. dux, a leader.
To notice, pr. infi. (ટુ નોટીસ) જોવું, ધ્યાન આપવું. To heed.
Distress, n. (ડિસ્ટ્રેસ) દુઃખ, દલગીરી. Great pain or sorrow L. di, and stringo, I draw tight.
Lent a helping hand, તેને મદદ કીધી. Assisted him.
Trudged, v. (ટ્રજડ) ધીમે ચાલ્યા. Walked slowly.
Job, n. (જૉબ) પરચુરણ કામ, આડકામ. A lucrative business.
Slipped, v. (સ્લિપ્ડ) છટકી ગયો, નાહાસી ગયો. Withdrew secretly.
Sovereign, n. (સૉવરેન) વીસ શીલીંગનો સીક્કો. A gold coin worth twenty shillings.
Had parted, v. (હૅડ પારટેડ) જુદો પડયો હતો. Had separated.
Assembled. pt. p. (એસેમ્બલ્ડ) એકઠા થયા. Brought to gether.
Butler, n. (બટલર) બુટલેર, One who has the care and management of wines and other liquors in great houses.
Confessed, v. (કનફેસ્ડ) કબુલ કીધો. Owned, Acknowledged. L. con, fatior, I confess.
To be forgiven. માફ કરવાને. To be pardoned.


To quit, pr. infi. (ટુ ક્વિટ) છોડી દેવું. To abandon.
Character, n. (કૅરેક્ટર) આબરૂ. Good name.
Deceit, n. (ડીસીટ) લુચ્ચાઇ. Cunning.
Honesty, n. (ઑનેસ્ટી) પ્રમાણીકપણું. Integrity. Uprightness.
Policy, n. (પૉલિસિ) વ્યહાર, રાજનીતિ. Rule to act by. Gr. polis, a city.
Manliness, n. (મૅનલિનેસ) શૂરવિરપણું, બહાદુરી Boldness.



STORIES OF DOGS.

Dorset, n. (ડૉરસેટ) ઇંગ્લાન્ડની દક્ષીણમાં એક પ્રાંતછે. A country in the south of England.
Fame, n. (ફેમ) કિર્તી, વખાણ. Renown.
Minster, n. (મિન્સ્ટર) મોટું દેવળ. A large church.
Contained, a. (કન્ટેન્ડ) માંહે હતું. Had in it.
Hastened, v. (હેસન્ડ) ઉતાવળથી જતો. Went hastily.
Kitchen,n. (કિચન) રસોડું,બબરચીખાનું. A cook room.
Trust, n. (ટ્રસ્ટ) વિશ્વાસપર સોપેલું કામ. Charge received in confidence.
To approach, pr. infi. (ટુ એપ્રોચ) નજદીક આવવું. Go near. L. ad,prope, near.
Occasion, n. (ઑકેઝન) વખત. Time. L. ob and cado I fall.
Contents, n. (કન્ટેન્ટસ) અંદરની ચીજ. What it had in it. L. con and teneo, I hold.

Trusty, a. (ટ્રસ્ટી) નીમકહલાલ, વીશ્વાસુ. Faithful.
Assailant, n. (એસેલન્ટ) હુમલો કરનાર. One who attacks another. L. ad, and salio, I leap.
Punished, v. (પનીશ્ડ) શિક્ષા કીધી. Chastised.
Charge, n. (ચાર્જ) સોંપેલું કામ. Commission.
Proceeded, v. (પ્રોસીડેડ) આગળ વધ્યા. Went on. L. pro, and cedo, I go.
To fulfil, pr. infi. (ટુ ફુલફિલ) બજાવવું. Carry out, Do.
Errand, n. (એરંડ) સંદેશો. What he was sent to do, Message.
Difficulty, n. (ડિફિકલ્ટી) મુશ્કેલી. Trouble. Obstacle.



ELLIPTICAL EXERCISES.

Led, v. (લેડ) લઈ ગયા. Conducted, carried.
Mite, n. (માઈટ) નાનો કકડો. A very small piece.
Neigh, v. (ને) ખંખારવું. To make a noise like a horse.
Nay, ad. (ને) નહી. No.
Mistaken, a. (મિસ્ટેકન) ભુલ્યા છો, ખોટા. Wrong.
Commence, v. (કમેન્સ) શરૂ કરવું. Begin.
Peace, n. (પીસ) સલાહ. Tranquility. L. pax, peace.
Pray, v. (પ્રે) વિનંતી કરૂંછું. Entreat, Beseech. L. precor, I pray.
Prey, n. (પ્રે) શીકાર, Booty. L. prœda, booty.

Tribe, n. (ટ્રાઇબ) જાત. Species.

Bridle, n. (બ્રાઇડલ) લગામ. An instrument with which a horse is curbed.

Stable, n. (સ્ટેબલ) તબેલા. A stall for horses.

———:o:———

LUCY GRAY.

Oft, (ઑફ્ટ) વારંવાર, વારેઘડીએ. Often.

Wild, n. (ઉવાઇલ્ડ) વેરાન જગ્યા. A wild place, a desert.

Chanced, v, (ચાન્સ્ડ) બન્યું. Happened. L. cado, I fall.

Break, n. (બ્રેક) પરોઢીઊ. Dawn.

Solitary, a. (સૉલિટરી) એકલું. Lonely. With no friends. L. solus, alone.

Mate, n. (મેટ) સાથી, સોબતી. Companion, Associate.

Comrade, n. (કૉમરેડ) ભાઇબંધ. Friend, Companion.

Dwelt, v. (ડવેલ્ટ) રેહેતી. Lived, Resided.

Wide, a. (ઉવાઇડ) પોહોળા. Extensive.

Moor, n. (મૂર) ભીનાશવાળી જગ્યા. A marshy ground.

Human, a. (હ્યુમન) માણસના. Belonging to a man. L. homo, a man.

Spy, v. (સ્પાઇ) જોવું. See, Look. L. specio, I see.

Fawn, n. (ફૉન) સાબરનું બચ્ચું. A young deer.

Lantern, n. (લૅનટર્ન) ફાનસ. A case or vessel in which a light is placed.

Minster, n. (મિન્સ્ટર) મોટું દેવળ. A large church.
The minster clock has just struck two, મોટા દેવળની ઘડીઆલમાં હમણાંજ બે વાગ્યા.
Hook, n. (હૂક) આંકડી. An instrument to cut with.
Snapped, v. (સ્નૅપ્ડ) ભાંગ્યા. Broke.
Fagot-band, n. (ફૅગટ બૅન્ડ) લાકડાની ભારીનો બાંધેલો બંધ. The band round a bundle of sticks for fuel.
Plied, v. (પ્લાઇડ) કામ કર્યા કીધું. Kept working.
Blither, a. (બ્લાઇધર) વધારે આનંદી, વધારે ખુશી. More sprightly or joyous.
Roe, n. (રો) સાબરી. A female deer.
Wanton, a. (ઉવૅાન્ટન) રમુજી. Play-ful.
Disperse, v. (ડિસ્પર્સ) વિખેરી નાંખવું. Scatter, Throw about.
Powdery, a. (પૅાવડરી) ભુકાદાર, ફુસકું. Of the nature of powder.
Wretched, a. (રેચ્ચેડ) કંગાલ. Miserable.
Parents, n. (પેરંટ્સ) મા બાપ. Father and mother. L. pario, I beget.
Shouting, (શાઉટિંગ) બુમો પાડતાં. Crying out loudly.
Sight, n. (સાઇટ) દેખાવ. View.
To serve, pr. infi. (ટુ સર્વ) કામે લગાડવું. To be of use.
Guide, n (ગાઇડ)ભોમીઓ, વળાવો, વરતણિયો. Conductor
Bridge, n. (બ્રિડજ) પુલ. Any structure raised across a river to furnish a passage.

Print, n. (પ્રિંન્ટ) નીશાની. Mark, Trace.
Steep, a. (સ્ટીપ) ઉભી. Precipitous.
Tracked, v. (ટ્રૅક્ડ) પગલાં હોય તેમ આગળ ચાલ્યા ગયાં. Followed the foot-steps.
Hawthorn, (હૉથૉર્ન) કાંટાવાળી ઝાડી. The white thorn, much used for hedges.
Plank, n. (પ્લૅંક) પાટિંઊ. A flat broad piece of sawed timber.
Maintain, v. (મૅન્ટેન) ખાતરીથી કહેછે. Say strongly, Hold it true. L. manus, the hand and teneo, I hold.
Lonesome, a. (લોનસમ) એકાંત. Lonely, Dismal.
Trips, v. (ટ્રિપ્સ) હળવેથી ચાલેછે. Walks slowly.
Whistles, v. (હ્વિસલસ) સીસોટીના જેવા અવાજ કરેછે.

——o:o:o——

PROVERBS. (ELLIPTICAL)

Workman, n. (વર્કમૅન) કારીગર. A skilful artificer.
Tools, n. (ટૂલ્સ) હથિઆરો. Instruments of manual operation.
Hands. n. (હૅન્ડસ) માણસો. Men.
Light, a. (લાઇટ) સેહેલું, હલકું. Easy.
Friends, n. (ફ્રેન્ડસ) મીત્રો, દોસ્તદારો. Companions.
Plenty, a. (પ્લેન્ટી) પુષ્કળ, ઘણા. Many.
Purse, n. (પર્સ) પેસાની કોથળી. A small bag containing money.

Full, a. (ફુલ) ભરેલી. Filled completely.

A bad workman quarrels with his tools. અકરમી નીશાળીઆને ખડીઆ વટાણા ઘણા, નાચવું નહી ત્યારે આંગણું વાંકું.

Many hands make light work. સાત પાંચની લાકડી અને એકનો બોજ, ઝાઝા હાથ દુશ્મનને મારે.

Friends are plenty when the purse is full. પૈસા-વાળાના સૌ દોસ્તદારો થવા જાયછે. સૌ કોઇ પૈસાનું સગુંછે.

——:o:——

THE SAINT BERNARD DOG.

Bushy, a. (બુશી) ગુચ્છાદાર. Thick.

Noble, a. (નોબલ) અસરાફ, ભલું. Of an excellent disposition.

Intelligent, a. (ઇન્ટેલિજન્ટ) દાહ્યો, અક્કલવાળો. Wise, knowing what should be done. L. inter and lego, I choose.

Passes, n. (પાસિસ) પાહાડી રસ્તા. Difficult paths over mountains.

Violent, a. (વાયોલન્ટ) સખત. Severe, Fierce.

Dangerous, a. (ડેન્જરસ) ભય ભરેલા, ભયાનક. Full of risk, perilous.

Extremely, ad. (એક્સટ્રિમ્લી) ઘણુંજ. Exceedingly.

Drifts, n. (ડ્રિફ્ટસ) બરફના ઢગલા. Heaps of snow driven to gether by the wind.

Sagacity, n. (સૅગૅસિટી) ડહાપણ Wisdom, L. sagus, wise.

Convent, n. (કન્વેન્ટ) મઠ. A monastery.
Alpine, a. (આલ્પાઇન) આલ્પસના. Belonging to the Alps.
Devoted, a. (ડિવોટેડ) આસક્ત, ચુસ્ત. Zealous. L. de and voveo, I vow.
Monks, n. (મંકસ) સાધુઓ, જોગી, વેરાગીઓ. Religious recluses.
Purpose, n. (પરપઝ) કારણ, કામ. Business. L. pro and pono, I put.
Aiding, (એડિંગ) મદદ કરવાને. Assisting, Helping.
Are trained, v. (આર ટ્રેન્ડ) કેળવાએલા હોયછે. Are disciplined. L. traho, I draw.
Lost, a. (લૅાસ્ટ) રસ્તો ચુકેલા. Led astray.
Pairs, n. (પેર્સ) જોડ. Couples. L. par, equal.
Flask, n. (ફ્લૅસ્ક) બાટલી. A bottle.
Strapped, pt. p. (સ્ટ્રૅપ્ડ) બાંધેલી. Fastened with a strap.
Cloak, n. (ક્લોક) જામો, ઝભ્ભો. A loose outer garment
Faint, a. (ફેન્ટ) બેભાન, બેશુદ્ધ. Dispirited, senseless.
Benumbed, a. (બીનંબ્ડ) થંડીથી આકડી ગયેલા. Powerless with cold.
To fetch, pr. infi. (ટુ ફૅચ) જઇને લાવવું. To go and bring.
Keen, a. (કીન) તિક્ષ્ણ. Sharp.
Scent, n. (સેન્ટ) સુંઘવાની શક્તિ. The power of smelling.
Discovers, v. (ડિસ્કવર્સ) શોધી કાહાડેછે. Finds out.

Scratch up, v. (સ્ક્રૅચ અપ) ખોદી નાંખેછે. Dig with their claws.

Ingenious, a. (ઇન્જીન્યસ) ચાલાક. Skilful, Ready in planning.

Snow-slip, n. (સ્નોસ્લિપ) બરફનો ગબડી પડતો ઢગલો. A large mass of snow which slips down the side of a mountain.

Managed, v. (મૅનેજ્ડ) ગોઠવણ કીધી, ઇચ્છયું. Wished.

—0:0—

THE LOST CHILD.

Havens, n. (હેવન્સ) આકાશ. The sky.

Starred, v. (સ્ટાર્ડ) તારાથી ભરપુર. Covered with stars.

Height, n. (હાઇટ) ઊચી ટેકરી. A high hill.

Guard, n. (ગાર્ડ) ચોકી. Watch.

Hearth, n. (હાર્થ) સગડી. A fire place.

Craved, v. (ક્રેવ્ડ) માંગ્યું. Begged, asked.

Frosty, a. (ફ્રૉસ્ટી) હીમતવાળાં. Full of frost.

Unbarred, v. (અનબાર્ડ) ઉઘાડયું. Opened.

Rugs, n. (રગ્ઝ) કામળાની જાતનું કપડું. Rough, coarse nappy woollen cloths.

Mastiffs, n. (માસ્ટીફ્સ) એક જાતના બાહાદુર કુતરા. A kind of dogs remarkable for courage and strength.

Bounded, v. (બાઉન્ડેડ) કુદકા મારીને દોડયા. Moved forward by leaps.

Headlong, a. (હેડલૉંગ) ઝડપથી. Rapidly, Without delay.

Snow-wreath, n, (સ્નોરીથ) ધસડાઈ આવેલાં બરફનો ઢગલો. A bank of drifted snow.

Kindly, ad. (કાઇન્ડલિ) માયા ભરેલી. Gentle.

Fanned, v. (ફૅન્ડ) હીલચાવ્યાં. Moved.

Tresses, n. (ટ્રેસીસ) વાળના ઝુલફા. Ringlets.

Guessed, v, (ગેસ્ડ) અટકળ બાંધી. Conjectured.

Wrapped, v. (રૅપ્ડ) લપેટયું. Folded


Charge, n. (ચાર્જ) સોંપેલી ચીજ. Trust.

Glowed, v. (ગ્લોડ) ચળકયું Shone.

Logs, n. (લૉગ્ઝ) લાકડાના મોટાં કકડા. Large pieces of wood.

Stranger, n. (સ્ટ્રેન્જર) અજાણ્યા માણસ.One unknown.

Paint, pr. infi. (પેન્ટ) વર્ણન કરવું. Describe. L. pingo, I paint.



THE BUSY LITTLE LAPP.

Busy, a. (બીઝિ) ઉદ્યોગી. Industrious.

Frozen zone. (ફ્રોઝન ઝોન) ઉત્તર ધ્રુવની આસપાસનો ભૂકટિબંધ. The region round the North Pole.


Lapp, n. (લૅપ) લૅપલાંડનો રેહેવાસી. A Laplander.

Seldom, a. (સેલ્ડમ) કદાચજ. Scarcely.

Suit, v. (સ્યૂટ) માફક આવવું. To fit.

Are obliged, v. (આર ઑબ્લાઇજ્ડ) ફરજ પડેછે Are forced. L. ob and ligo, I bind,

Pitch, v. (પિટ્ચ) ઠોકવા, મારવા. Fix, Erect.
Reindeer, n. (રેનડીઅર) સાબરના જેવું સીંગડાવાળુ પ્રાણી A ruminant mammal of the deer kind.
Mosquitoes, n. (મૉસ્કીટોઝ) મચ્છર. Stinging insects.
To shift, pr. infi. (ટુ શિફ્ટ) બદલવું. To transfer.
Chimney, n. (ચિમની) ધુમાડીઊ. A fire-place.
Contented, a. (કનટેન્ટેડ) સંતોષી. Easy in his mind Satisfied. L. con and teneo, I hold.
Herd, n. (હર્ડ) ટોળું. A flock.
Beef, n. (બીફ) ગાયનું માંસ Mutton, n. (મટન) મેંઢાંનું માંસ.
Sledges, n. (સ્લેજીસ) વગર પૈડાંની ગાડી. A carriage without wheels.
Strap, n. (સ્ટ્રૅપ) પટો. Belt.
Cord, n. (કૉર્ડ) દોરડું A rope.
By way of, તરીકે, As.
Freezes, v. (ફ્રીઝીસ) બંધાઇ જાયછે. Is congealed by cold.
Comfort, n. (કમ્ફર્ટ) દીલાસો. Solace.



THE DOG AT HIS MASTER'S GRAVE.

Gentle, a. (જેન્ટલ) નમ્ર, રાંક, ગરીબ. Mild, meek.
Patted, v. (પૅટેડ) પંપાળયું. Struck gently.
Pleasantly, ad. (પ્લેઝન્ટલી) માયાળુ રીતે. In a kind way.

Heeded, v. (હીડેડ) દરકાર કીધી. Minded, Noticed.
Anguish, n. (એંગ્વિશ) ઘણીજ દલગીરી. Very great grief.
Lowly, ad. (લોલી) સાદું. Simple.
Guarded, v. (ગાર્ડેડ) ચોકી કીધી. Kept watch over
Grateful, a. (ગ્રેટફુલ) આભારી. Full of thanks. L. gratus, thankful.
Controlled, v. (કન્ટ્રોલ્ડ) અમલ ચલાવ્યો. Kept in check, ruled.
Caressed, v. (કેરેસ્ડ) લાડ લડાવ્યા, પ્યાર કીધો.Fondled.
Fade, v. (ફેડ) નીકળી જવું Vanish.
Rustled, v.(રસલડ) ખખડાટ કીધો. Made a low rattling sound
Quivering, a. (ક્વિવરિંગ) ધ્રુજતા. Trembling, shaking from strong feeling.
Fleet, a. (ફ્લીટ) ઉતાવળા. Flying very quickly.
Turf, n. (ટર્ફ) ઘાસની જમીન A clod.
Bleak, a. (બ્લીક) ઠંડી Cold.
Decay, n. (ડિકે) આશાનું પડી ભાંગવું. Decline. L, de, and cado, I fall.
Pined, v. (પાઈન્ડ) ઝુરાઈ ગયો. Languished.
Wasted, v. (વેસ્ટેડ) નખાઈ ગયો. Was worn out.
Gaunt, a. (ગૉન્ટ) નબળું, દુબળું Wasted away, Thin.
Offerings, n. (ઑફરિંગ્ઝ) ભેટ. Presents. L. ob and fero, I bear.
To coax, pr. infi. (ટુ કોક્સ) લલચાવવું. To entice.
Sought, v. (સૉટ) કોસેશ કીધી, Endeavoured.

Sway, n. (સ્વે) હકુમત, અમલ. Control.
Moaning, n. (મોનિંગ) વિલાપ, શોક. Lamentation.
Fainter, a. (ફેન્ટર) વધારે નબળું. Weaker.
Mortal, a. (મૉરટલ) પ્રાણ લે એવું Causing death. Deadly. L. mors, death.
Shook, v. (શૂક) ધ્રુજાવ્યું. Agitated.

—:o:—

THE STONE THAT REBOUNDED.

Squalling, n. (સ્કવૉલિંગ) ચિચાડી પાડતાં Screaming.
Probably, ad. (પ્રૉબેબલી) ઘણુંખરૂં. Likely. L. probo, I prove.
(Will) rebound, v. (ઉવિલરિબાઉન્ડ) ઉડીને પાછો આવશે Spring back upon those who thew it.
Accurate, a. (ઍક્યુરેટ) ખાતરી ભરેલો. Sure. L. ad and cura, care.
Barns, n. (બાર્નસ) કોઠાર. Granaries,
Reared, v. (રિઅર્ડ) ઉછેર્યા. Brought up.
Heartily, ad. (હારટિલી) ખરા અંત:કરણથી. Sincerely.
Post, n. (પોસ્ટ) થાંભલો, સ્તંભ. A piece of timber set upright.
Poising, (પૉઇઝિંગ) સમતોલ કરીને. Balancing carefully.
Utmost, a. (અટમોસ્ટ) ઘણુંજ, બેહદ. Being in the highest degree, extreme.
Dropped, v. (ડ્રૉપ્ડ) પડ્યું. Fell down.

Deed, n. (ડીડ) કામ An action.
He made my heart ache, મારૂં અંતઃકરણ ઘણું દલગીર થવા લાગ્યું.
Innocent, a. (ઇનોસન્ટ) નીરઅપરાધી. Harmless. L. in and noceo, I hurt.

Memory, n. (મેમરી) સ્મરણ શક્તિ. The store-house of the mind. L. memor, mindful.
Conscience, n. (કૉન્શ્યન્સ) અંતઃકરણ. Power of knowing right and wrong.
Prevent, v. (પ્રિવેન્ટ) અટકાવવું. Stop, Hinder.
Rejoice, v. (રિજૉઇસ) ખુશી થવું. To be glad.

———:o:———

WHALE HUNTING.

To hunt, pr. infi. (ટુ હન્ટ) શીકાર કરવો. Chase, catch.
Signal, n. (સિગનલ) ઇશારત. Sign, notice. L. signum, a mark.
Are launched, v. (આર લૅાન્ચડ) પાણીમાં ઉતારેછે. Are pushed into the water.

Harpooner, n. (હારપૂનર) મગરમચ્છને ભોકવાને ભાલો રાખનાર માણસ. A man who used the harpoon or whale spear.
Bow, n. (બો) The curving part of a ship's side towards the stem.
Barbed, a. (બાર્બ્ડ) અણીવાળી. Sharp.
Tough, a. (ટફ) કડણ. Stiff.

Shaft, n. (શાફ્ટ) હાથો. A handle.
Fixed, v. (ફિક્સ્ડ) બાંધ્યુ. Tied.
Coiled up, pt. p. (કૉઇલ્ડઅપ) કંુડલી કરેલું. Gathered into a circular form.
Smarting, (સ્માર્ટિંગ) ચચરવું, દુ:ખવું. Feeling a pungent either in body or in mind.
To rise, pr. infi. (ટુ રાઇઝ) નીકળવું, દેખાવું. Appear.
Fury, n. (ફ્યુરિ) ઝનુન. Rage. L. furo I rage.
Lashes, v. (લૅશિસ) ફટકો મારેછે. Striken with a lash.
Violently, ad. (વાયોલન્ટલિ) જોરથી. Forcibly. L. vis, force.
Carcass, n. (કારકસ) મુડદું. Dead body.
Floats, v. (ફ્લોટસ) તરેછે. Swims.
Towed, v. (ટોડ) પાણીમાં ઘસડયું. Dragged along in the water.
Boiled down into oil, ઉકાળીને તેલ કરેછે.

---:o:---

THE BLIND BOY.

Benefits, n. (બૅનિફિટ્સ) ફાયદા. Advantages, things to be gained.
Wondrous, a. (ઉંવન્ડ્રસ) અજાયબ જેવા. Causing wonder.
Woe, n. (વો) દુ:ખ. Affliction, misery.
Helpless, a. (હેલ્પલેસ) જેમાં આપણું ચાલી શકે નહી તેવું. Destitute of support.

Patience, n. (પેશન્સ) સબુરી. Calmness of temper. L. patior, I suffer.

Destroy, v. (ડિસ્ટ્રૉય) નાશ કરવો. Put an end to. L. de and struo, I build.

—:o:—

THE SPEAKING CHIP.

Square, n. (સ્કવૅર) કાટખુણો. An instrument used to show whether buildings are straight.

Chip, n. (ચિપ) ચીપ, છોડું. A small piece of wood.

Charcoal, n. (ચારકોલ) કોલસો. Burned wood.

Request, n. (રિક્વેસ્ટ) ઇચ્છા, વિનંતી. Desire, wish.

Article, n. (આર્ટિકલ) ચીજ. A thing. L. articulus, a little joint.

Portion, n. (પોરશન) ભાગ. A part. L. pars, partis, a part,

Warrior, n. (ૡૉરિઅર) લડવૈઓ. A brave soldier,

Battles, n. (બૅટલ્સ) લડાઇઓ. Fights. L. battuo, I strike.

Scold, v. (સ્કોલ્ડ) ઠપકો દેવો. Rebuke.

I was in earnest, હું ખરા દીલથી બોલતો હતો.

Contempt, n. (કન્ટેમ્પ્ટ) ધિક્કાર. Scorn. L. con and temno, I despise.

Instantly, ad. (ઇન્સ્ટન્ટલી) તરતજ. Immediately. L. in and sto, I stand.

Tool-chest, n. (ટૂલ ચેસ્ટ) હથીઆરની પેટી. A box in which instruments are kept.

Result, n. (રીઝલ્ટ) પરીણામ. Issue, consequence. L. re and salio, I leap.

Affair, n. (અફેર) કામ. Matter.

Followed her closely, તેણીની પૂઠે પૂઠે ગયા.

Rushed, v. (રશ્ડ) જોરસાબંધ નીકળ્યો. Went out rapidly,

Settlement, n. (સેટલમેન્ટ) સંસ્થાન. Place where foreigners settle in a new country.

Shouted, v. (શાઉટેડ) મોટે બુમ પાડતો. Cried loudly.

Wisdom, n. (વિઝડમ) ડાહાપણ. Prudence.

Explained, v. (એક્સપ્લેન્ડ) સમજાવ્યું. Made to understand.

Matter, n. (મૅટર) વાત, ચીજ. Thing L. materia, matter.

As well as I could, મારાથી બનતી સેહેલાઈથી.

Mystery, n. (મીસ્ટરી) મર્મ, છુપો ભેદ. Something that cannot be ezplained.

Actually, ad. (ઍક્ચુઆલી) ખરેખર. Really.

Surrounded, v. (સરાઉન્ડેડ) ઘેરી લીધું. Encircled.

Interest, n. (ઇન્ટરેસ્ટ) રમુજ, રસ. Amusement. L. inter, and esse to be.

Had performed, v. (હૅડ પરફૉર્મ્ડ) બજાવ્યુ હતું. Had done.

૯

—:0:—

USEFUL KNOWLEDGE.

METALS—GOLD.

Precious, a. (પ્રેશિઅસ) કીમતી. Valuable. L. pretium, price.

Rare, a. (રેર) અસાધારણ, મુસીબતે મળે તેવું. Scarce.

Lasting, a. (લાસ્ટીંગ) ટકાઉ. Durable.

Remarkable, a. (રિમાર્કેબલ) પ્રખ્યાત, વખાણાયલુ. Notable.

Wires, n. (ઉવાયર્સ) તારો. Threads of metal.

Gold-leaf, n. (ગોલ્ડલીફ) સોનાના વરખ. Gold beaten into a thin leaf.

Gilding, n. (ગિલ્ડીંગ) ઢોળ ચડાવવો. Overlaying with gold.

Earthen-ware, n. (અર્થન ઉવૅર) મટોડીના વાસણ. Crockery.

Nuggets, n. (નગેટ્સ) સોનાના બાથા. Lumps of native gold.

Beds, n. (બેડ્ઝ) તળીઉં. The channels of rivers.

Flinty, a. (ફ્લિન્ટી) ચકમકવાળી. Consisting of flint.

SILVER.

Polished, v. (પૉલિશ્ડ) સાફ કીધું, ઓપ ચઢાવ્યો. Made smooth and glossy.

Can be beaten, ટીપી શકાયછે. Can be hammered.

Dross, n. (ડ્રૉસ) ધાતુ અથવા કોઇ બીજી ચીજને ગાળતી વખતે નીકળતો કચરો. The scum thrown off in the process of melting.

COPPER.

Reddish, a. (રેડિશ) જરા લાલ. Some what red.
Kettles, n. (કેટલ્સ) કિટલીઓ, ચાહદાનીઓ. A hollow vessel used for boiling water.

Poisonous, a. (પૉઇઝનસ) ઝેહેરી. Deadly. L. potio, a drink.

Vinegar, n. (વિનીગર) સરકો. Sour wine.
Alloy. n. (ઍલૉય) મિશ્રધાતુ. The mixture of different metals.

Bronze, n. (બ્રૉન્ઝ) તાંબુ, જસત અને કથિલ વગેરે ધાતુની મેળવણીથી જે ધાતુ થાયછે તે, પંચરસધાતુ. (જે ધાતુના પુતળા થાયછે.) A compound metal of a brown colour.

Bell-metal, n. (બેલ મેટલ) કાંસું. A mixture of copper and tin.
Coppers, n. (કૉપર્સ) ત્રાંબાના સીક્કા. Copper coins.

LEAD.

Lining, (લાઇનિંગ) અસ્તર ચઢાવતાં. Covering.
Cisterns, n. (સિસટર્ન્સ) ટાંકીઓ. Vessels to hold water.

Bullets, n. (બુલેટ્સ) નાની ગોળીઓ. Small shots.
Range, n. (રેન્જ) હાર, ઓળ. Row, line.

Solder, n. (સોલ્ડર) ડાંક, રેવણ. A metallic cement.
Type-metal, બિબાં બનેછે તે ધાતુ.

Antimony, n. (ઍન્ટિમની) શુરમો. A metal, brittle, of a silver-white colour used in the arts and in medicine.

IRON.

Manufacturing, a. (મૅન્યુફૅક્ચરિંગ) બનાવવાનાં. For making goods and wares, L, manus, the hand and facio, I make.

Strain, n. (સ્ટ્રેન) ખેંચતાણ, બળ. Tendency, force.

Quantities, n. (ક્વૉન્ટિટિઝ) જશ્થાબંધ. Masses.

Sources, n. (સોરસિસ) મૂળ, કારણ. Causes. L. surgo, I rise.

Cast iron, n. (કાસ્ટ્આયરન) ઓટેલું લોહોડું, બીડ.

Steel n. (સ્ટિલ) તીખું લોઢું.

Moulds, n. (મોલ્ડ્સ) આકૃતિ. ઓટણી. Casts.

Brittle, a. (બ્રિટલ) નાજુક. Apt to break.

Grates, n. (ગ્રેટસ) લોઢાની જાળીની સગડીઓ. The iron frame and bars for holding coals used as fuel.

Fenders, n. (ફેન્ડર્સ) દેવતાને ભોંયપર પડતાં અટકાવનારૂં હથીઆર. Fences to keep in cinders.

Railings, n. (રેલિંગ્સ) કઠેરા, ગજીઆ. A series of rails.

Girders, n. (ગરડર્સ) ભાજ, ધરણ. Beams of iron.

Current, n. (કરન્ટ) પ્રવાહ, ઓઘ. Stream. L. curro, I run.

Where in (હ્વેહેરઈન) શામા. In what.

Differ, v. (ડિફર) જુદું પડવું. To be unlike. L. dis and fero, I bear.
Tough, a. (ટફ) ચિવટ. Stiff.
Punched, v. (પંચ્ડ) વેહ પાડયો. Made a hole with a punch.
Elastic, a. (ઇલૅસ્ટિક) સ્થિતિસ્થાપક. Springing back.
Scissors, n. (સિઝર્સ) કાતરો.
Cutler, n. (કટલર) છરી કાંટા બનાવનાર. A man who works in steel.
Cutlery, n. (કટલરી) છરી કાતર વગેરે લોખંડનો સામાન.

TIN.

Coating, (કોટિંગ) અસ્તર કરતાં. Spreading with a layer.
Chocolate, n. (ચૉકોલેટ) A preparation of the cocoanut.
Pewter, n. (પ્યુટર) જસત. A compound of tin and lead.
Drinking cans, પાણી વગેરે પીવાના પ્યાલા.

ZINC.

Bent, (બેન્ટ) વાળેલું. Curved.
Gutters, n. (ગટર્સ) ગટરો, મોરીઓ. Drains.
Contains, v. (કન્ટેન્સ) સમાવેછે. Consists of. L. con and teneo, I hold.

MERCURY.

Mercury, n. (મરક્યુરિ) પારો. Quick silver.

Peculiar, a, (પિક્યુલિઅર) ખાસ, અસાધારણ. Particular. L. peculium, a small private property.
Fluid, a. (ફ્લુઇડ) પ્રવાહી. Liquid. L. fluo, I flow.
Freezes, v. (ફ્રીઝીઝ) બંધાઈ જાયછે. Is congealed.
Resemblance, n. (રિઝેમ્બલન્સ) મળતા આવવું. Likeness, Similarity. L. re and sembler, to look.
Barometer, n. (બૅરોમીટર) હવાનું વજન અથવા દબાણ માપવાનું યંત્ર. An instrument for measuring the weight of the air. Gr. Baros, weight and metron, measure.
Thermometer, n. (થરમૉમીટર) શીતોષ્ણ માપક યંત્ર. An instrument for measuring the heat or cold of air, water, &c.

THE SAILOR'S MOTHER.


Raw, a. (રૉ) ઠંડું, શીતલ. Bleak, chilly.
Foggy, a. (ફૉગી) ધુમસ ભરેલી. Misty.
Prime, n, (પ્રાઇમ) ભરજુવાની. Best time of life when the strength is greatest. L. primus first.
Majestic, a. (મૅજેસ્ટિક) દબદબાવાળું. Like a queen. L. magnus great.
Person, n. (પરસન) શરીર. Body. L. persona, a person.
Matron, n. (મેટ્રન) મોટી બાઇ. An elderly lady. L. mater. mother.

Mien, n. (મીન) રીતભાત. Manner.
Gait, n. (ગેટ) ચાલવાની ઢબ. Way of walking.
Dignity, n. (ડિગ્નીટી) દમામ. Noble bearing. L. dignus, worthy.
Alms, n. (આમસ) ભીક્ષા, ભીખ. A charitable gift.
Abate, v. (અબેટ) ઓછું થવું. Become less.
Lofty, a. (લૉફ્ટી) ઊંચા. Sublime.
Covert, n. (કવર્ટ) ઢાંકણ. Covering.
Protected, pt. p. (પ્રોટેક્ટેડ) બચેલું. Safe. L. pro and tego, I cover.
Damp, a. (ડૅમ્પ) મંદ. Moist, humid.
Weary, a. (વીઅરી) કંટાળો આપનાર. Tiresome.
Aught, n. (ઑટ) કાંઇ પણ ચીજ. Anything.
Had owned, v. (હૅડ ઓનડ) પાસે હતું. Had possessed.
Trim, v. (ટ્રિમ) ચોખ્ખો, સુખદાયક. Neat, snug.
Bodings, n. (બોડિંગ્સ) આગમચેતી, આગળથી ભવિષ્ય કેહવું. Fears for the future, foreshadowings.
Fellow-lodger, n. (ફેલોલૉડજર) સાથે રેહેનાર સોબતી. A companion living to gether.
Pipe, v. (પાઇપ) ગાવું. Sing, Whistle.
Wit, n. (વિટ) ચાતુરી. Ingenuity. Sax, witan, to know.
Delight, n. (ડિલાઇટ) ખુશી. Pleasure.

———:o:———

